**ફો.પ.અ.નં.૨૧૧/૨૦૨૩**

**હુકમ**

સદરહું જામીન અરજી રજુ, જે જોઈ તપાસી ફોજદારી પરચુરણ અરજી રજીસ્ટરે લેવી.

તા.૦૩/૦૮/૨૦૨૩

ચોટીલા

જયુડી.મેજી.ફ.ક.
ચોટીલા

આરોપી:- (૧) ગજેન્દ્રસિંહ હરૂભા ઝાલા
(૨) જયદિપભાઈ હિતેષભાઈ જયસ્વાલ
બંને રહે. ચોટીલા, શિવશકિત સોસાયટી, તા.ચોટીલા

ચોટીલા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૩૦૩૩૩/૨૦૨૩ ગુન્હો ઈ.પી.કો.કલમ-૨૧૨, ૪૧૯, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૮૮, ૧૧૪ અન્વયે જામીન અરજી લગત હુકમ

જામીન અરજી વંચાણે લીધી, ફરીયાદ વંચાણે લીધી,બચાવ પક્ષ ના વિ.વ.શ્રી. ને તથા એ.પી.પી.શ્રી ને સાંભળ્યા .

હાલના ગુન્હાના કામે આરોપીઓ પર ઈ.પી.કો.કલમ-૨૧૨, ૪૧૯, ૪૬૫, ૪૬૮,૪૭૧ , ૧૮૮, ૧૧૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

પ્રસ્તુત કામે આરોપીઓ તરફે જામીનમુકત થવા હાલની જામીન અરજી રજુ કરવામાં આવી છે. આરોપીઓ કયાંય નાસી ભાગી જાય તેવા નથી અને નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર છે તથા નામદાર કોર્ટને આક્ષેપિત ગુના સંદર્ભે જામીન મુકત કરવાની સત્તા છે, જેથી આરોપીઓને જામીનમુકત કરવા જોઈએ.

વિ. એ.પી.પી.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે ગુન્હો ગંભીર છે. આરોપીઓ નાશી ભાગી જાય તેમ છે. પુરાવા સાથે ચેડા થાય તેમ છે. સમાજનુ હીત જોખમાય તેમ છે જેથી જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

ઉપરોકત તમામ દલીલ ધ્યાને લીધી. હાલના અરજદાર આરોપીઓ પર ઈ. પી. કો. કલમ-૨૧૨, ૪૧૯, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૮૮, ૧૧૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. જામીન અરજી નકકી કરવા સમયે આરોપીઓની બંધારણીય સ્વતંત્રતા તથા ગુન્હાની ગંભીરતા અને તેની અસરો વચ્ચે સંતુલન જાળવી નીર્ણય કરવાનો હોય છે. હાલના આરોપીઓ વિરુધ્ધ આક્ષેપાયેલ ગુન્હાના કૃત્યમા ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતા તેમજ આક્ષેપાયેલ ગુન્હા ટ્રાયેબલ બાય જે.એમ.એફ.સી. હોઈ ક્રીમીનલ પ્રો. કોડ ની કલમ ૪૩૭ અન્વયે અપાયેલ જામીન અંગેની ન્યાયીક વીવેકાધીન સતા જામીન આપવાની તરફેણમાં વાપરવી યોગ્ય લાગતી હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે. આરોપીઓએ રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

(૧) આરોપીઓએ આ ગુનાની પોલીસ તપાસમાં સંપુર્ણ સાથ સહકાર આપવો.

(૨) આરોપીઓએ ફરીયાદ પક્ષના સાહેદોને ફોડવા નહી કે પુરાવા સાથે ચેડા ન કરવા

(૩)આરોપીએ તેમના રહેઠાણના સરનામા તથા મોબાઈલ નંબર ત.ક. અધિકારી સમક્ષ રજુ કરવા.

(૪) આરોપીઓએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન નિયમીત રીતે અદાલત સમક્ષ હાજર રહેવુ.

(૫) આરોપીઓએ ફરીથી આવા કોઈ ગુનામા સંડોવાવવુ નહી.

તા.૦૩/૦૮/૨૦૨૩

સ્થળ :- ચોટીલા

જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ચોટીલા.